# પ્રાદેશીક વાહન વ્યવહાર સત્તામંડળ, અમદાવાદ

## સુભાષબ્રીજ સર્ક પાસે, આર.ટી.ઓ. અમદાવાદ ટે.નં.૦૭૯-૨૭૫૫૯૬૯૭

ઠરાવ ક્રમાંકઃ- ૩/વળતર દર/આરટીએ/૨૦૧૩/ ૪૫૩૨ તા. ૨૪.૧૦.૨૦૧૩

વિષયઃ- જાહેર હેતુ માટે (ચૂંટણી)માં સંપાદન કરવામાં આવતા વાહનોના વળતરના દરમાં સુધારો કરી ચૂકવવા અંગે.

સંદર્ભઃ- (૧) બંદરો અને વાહન વ્યવહાર વિભાગના ઠરાવ નંબરઃ- એમવીએ/૨૦૦૯/૧૧૮૮/ખ તા. ૦૫.૧૨.૨૦૧૨

(૨) બંદરો અને વાહન વ્યવહાર વિભાગના ઠરાવ નંબરઃ- એમવીએ/૨૦૦૯/૨૧૮૮/ખ તા. ૧૪.૧૨.૨૦૧૨

(૩) બંદરો અને વાહન વ્યવહાર વિભાગના ઠરાવ નંબરઃ- એમવીડી/૧૦૨૦૧૨/કોર્ટ/૧૧૮/ખ તા. ૨૭.૦૨.૨૦૧૩

(૪) મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી ગુજરાત ગાંધીનગર ના પત્રક્રમાંકઃ- ઈએલસી/૧૦૧૦/૧૦૩(૨)છ તા.૦૨.૦૩.૧૩

(૫) કલેક્ટરશ્રી અમદાવાદનો પત્રનં. ઈએલસી/વલભ/સા.ચૂ./વાહન વળતર/૨૦૧૩ તા. ૦૫.૦૩.૨૦૧૩

(૬) પ્રાદેશીક વાહન વ્યવહાર સત્તામંડળ અમદાવાદના ઠરાવ ક્રમાંકઃ- વળતર દર/આરટીએ/૨૦૧૩ તા. ૧૨.૦૩.૧૩

(૭) ગુજરાત લકઝરી કેપ ઓનર્સ એસોસીએશન અમદાવાદ ના તારીખ ૧૪.૦૨.૨૦૧૩ના પત્રથી રજૂઆત

(૮) તા. ૦૬.૦૬.૨૦૧૩ના રોજ થયેલ પ્રાદેશીક વાહન વ્યવહાર સત્તા મંડળ અમદાવાદની બેઠકની કાર્યવાહી નોંધ તા. ૧૦.૦૬.૨૦૧૩ ના રોજ આરટીએ બોર્ડ અમદાવાદે નોંધ પર મંજુર કરેલ ઠરાવ

(૯) પ્રાદેશીક વાહન વ્યવહાર સત્તામંડળ અમદાવાદના ઠરાવ ક્રમાંકઃ- ૨/વળતર ના દર/આરટીએ/૨૦૧૩/૧૭૫૭/ ૧૩ તા. ૧૧.૦૬.૨૦૧૩

(૧૦) કચેરી અધિક્ષક (તપાસ) પોલીસ કમીશનરશ્રી ની કચેરી અમદાવાદ શહેરના પત્રક્રમાંક કે/મકન-૪/ખાવા/૨૯૩૭/૧૩ તા. ૦૮.૧૦.૨૦૧૩

(૧૧) ગુજરાત હાઈકોર્ટ એમસીએ નં.૨૫૦૧ /૨૦૧૩

ઠરાવ :-

વિધાનસભા ની અને લોકસભાની સામાન્ય ચૂંટણીની કામગીરી માટે ખાનગી વાહનો સંપાદીત કરવાની સત્તા લોકપ્રતિનિધિત્વ અધિનિયમ ૧૯૫૧ ની કલમ ૧૬૦ હેઠળ રાજય સરકારની છે. અને લોકપ્રતિનિધિત્વ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૧૬૧ ની જોગવાઈ મુજબ રાજય સરકારે સંપાદીત કરવામાં આવેલા વાહનોનુ વળતર વાહન માલીકને ચૂકવવાનું રહે છે.

સંદર્ભ (૧) વાળા ઠરાવ થી સંપાદીત કરવામાં આવેલ વાહનના વળતરના દર નક્કી કર્યા છે. અને તે દરો વિધાનસભાની સામાન્ય ચૂંટણીની કામગીરી માટે સંપાદીત કરવામાં આવેલા વાહનના વળતરના દર નક્કી કર્યા છે. અને તે દરો વિધાનસભાની સામાન્ય ચૂંટણી ની કામગીરી માટે સંપાદીત કરવામાં આવેલા વાહનોને પણ લાગુ પાડવામાં આવે છે.

આ દરો લોકપ્રતિનિધિત્વ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૧૬૧(૨) ની જોગવાઈ સાથે સુસંગત નહી હોવાનું *નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા પીઆઈએલ નં.૨૬૧/૨૦૧૨ માં અવલોકન કરેલ. નામદાર ગુજરાત હાઈકોર્ટના ઉક્ત* ચૂકાદા અનુસાર ગુજરાત સરકારના બંદરો અને વાહનવ્યવહાર વિભાગના સંદર્ભ (૩) વાળા પત્રથી પ્રાદેશિક વાહન વ્યવહાર સત્તામંડળ (Regional Transport Authority- RTA) ની રચના કરી દરેક જીલ્લામાં સંપાદીત વાહન ના વળતરના દર નક્કી કરવાની સત્તા સોપેલ છે. આ અન્વયે અત્રેથી સંદર્ભ (૬) તથા (૯) થી આવા વળતરના દર નક્કી કરવામાં આવેલ.

કમિશનર ઓફ પોલીસ દ્વારા સંપાદીત કરાયેલ વિવિધ વાહનો ના ચૂકવણા અર્થે બીલો પે-એન્ડ એકાઉન્ટ્સ ઓફીસમાં રજુ કરેલ. સદર બીલોમાં ઉક્ત કચેરી દ્વારા નીચે ના વાહનો ના વળતરના દર સંદર્ભ (૯) વાળા પરિપત્રમાં થયેલ ના હોઈ બીલો વાંધા સાથે પરત કરેલ.

(૧) મારૂતી ઈકો (૨) વેગેનાર (૩) મેટાડોર (૪) વીસ્ટા (૫) વીન્ગર (૬) છોટા હાથી (૭) વેરીટો (૮) આઈશર ટેમ્પો (૯) આર્મ્ડા (૧૦) મહિન્દ્રા સ્પેસીયો (૧૧) ટાટા ગ્રાન્ડ (૧૨) સવારી (૧૩) માર્શલ (૧૪) તૂફાન કલાસીક (૧૫) રાઈનો (૧૬) મેક્સીમો વાન (૧૭) ટાટા ૯૦૯ (૧૮) સફારી

આ અન્વયે પોલીસ કમિશન ની કચેરી તરફથી પત્ર ક્માંકઃ- કે/મકન-૪/ખા.વા/૨૯૩૭/૨૦૧૩ તા. ૦૮.૧૦.૨૦૧૩ થી ચૂકવણાના દર અંગે સ્પષ્ટતા મોકલી આપવા વિનંતી કરેલ.

સદર ચૂકવણું વિલંબીત થતા અરજદાર શ્રી અશોક મુનિશ્વર ગીરી દ્વારા નામદાર ગુજરાત હાઈકોર્ટમાં પીઆઈએલ નં.૨૬૧/૨૦૧૨ માં એમસીએ નં.૨૫૦૧/૨૦૧૩ દાખલ કરાએલ જેની સુનાવણી તા. ૨૪.૧૦.૨૦૧૩ના રોજ થયેલ. નામદાર હાઈકોર્ટ દ્વારા સદર મેટરમાં હુકમ કરેલ કે દિન ૭(સાત) માં સદર ચૂકવણું કરી દેવામાં આવે.

આ અન્વયે તા.૨૪.૧૦.૨૦૧૩ના રોજ પ્રાદેશીક વાહન વ્યવહાર સત્તામંડળ,અમદાવાદની બેઠક મળેલ જેમાં નીચે દર્શાવ્યા પ્રમાણેના સદસ્યશ્રીઓ હાજર રહેલ.

(૧) શ્રી રૂપવંત સિંહ (IAS) :- ચેરમેનશ્રી અને કલેક્ટરશ્રી, અમદાવાદ

(૨) શ્રી હર્ષવર્ધન મોદી (GAS) :- સચીવ અને પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી અમદાવાદ

(૩) શ્રી એન.વી.ઉપાધ્યાય (GAS) :- નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી, અમદાવાદ

(૪) શ્રી આર.એસ.સિંધી :- મદદનીશ પોલીસ કમિશનરશ્રી (ટ્રાફીક) અમદાવાદ (પશ્ચિમ) અમદાવાદ શહેર

ઉપર દર્શાવેલ ૧૮ પ્રકારના વાહન ના વળતરના દરો અન્વયે સત્તામંડળમાં ચર્ચા વિચારણા કરવામાં આવી અને લોકસભા/વિધાનસભા/અન્ય ચૂંટણીઓની કામગીરી માટે ખાનગી વાહન સંપાદન ના વળતરના દરો અમદાવાદ શહેર અને જિલ્લા માટે સર્વાનુમતે નીચે મુજબ ઠરાવવામાં આવેલ છે.

| અ.ન. | વાહનનો પ્રકાર | આર.ટી.એ. અમદાવાદ દ્વારા મંજુર રખાયેલ દર (ડ્રાઈવર સાથે) દૈનિક વળતર દર | |
|---|---|---|---|
| | | પેટ્રોલ અને ડિઝલ સાથે રૂ. ફિક્સ/દિવસ | પેટ્રોલ અને ડિઝલ સિવાય ફિક્સ/દિવસ |
| (એ) | કાર/જીપ પ્રકારની વ્હીકલ | | |
| ૧ | ટોયટો ઈનોવા/ટાટા સફારી | ૨૧૦૦ | ૧૫૦૦ |
| ૨ | ટવેરા | ૧૮૦૦ | ૧૪૦૦ |
| ૩ | મહેન્દ્ર સ્કોર્પીયો | ૧૮૦૦ | ૧૪૦૦ |
| ૪ | મહેન્દ્ર ઝાયલો | ૧૮૦૦ | ૧૪૦૦ |
| ૫ | મારૂતી સ્વીફ્ટ ડીઝાયર/તૂફાન ક્લાસીક | ૧૭૦૦ | ૧૩૫૦ |
| ૬ | ટોયટો ઈટીઓસ | ૧૭૦૦ | ૧૩૫૦ |
| ૭ | ક્વોલીસ/રાયનો | ૧૫૦૦ | ૧૧૦૦ |
| ૮ | મહિન્દ્રા બોલેરો /માર્સલ/મહિન્દ્રા મેક્સ | ૧૫૦૦ | ૧૧૦૦ |
| ૯ | ટાટા સુમો/ટાટા ગ્રાન્ડ/ટાટા સ્પેસીઓ | ૧૫૦૦ | ૧૧૦૦ |
| ૧૦ | ટાટા મેજીક/મારૂતિ ઈકો | ૧૩૦૦ | ૯૫૦ |
| ૧૧ | ટાટા ઈન્ડીકા/વીસ્ટા | ૧૩૦૦ | ૯૫૦ |
| ૧૨ | મારૂતી વાન/છોટા હાથી/મેક્સીમો વાન/મોબાઈલ વાન | ૧૩૦૦ | ૯૫૦ |

| | | | |
|---|---|---|---|
| ૧૩ | મહીન્દ્રા જીપ | ૧૨૦૦ | ૮૫૦ |
| ૧૪ | ટાટા ઈન્ડીગો/વેગનઆર/વેરીટો | ૧૫૦૦ | ૧૧૦૦ |
| ૧૫ | તૂફાન/આર્મડા/સવારી | ૧૫૦૦ | ૧૧૦૦ |

| <u>બી</u> | <u>લાઈટ/હેવી ગુડઝ/કોમર્સીયલ વ્હીકલ</u> | | |
|---|---|---|---|
| ૧૬ | ઓપન ટેમ્પો ૪૦૭/આઈસર ટેમ્પો | ૨૫૦૦ | ૧૮૦૦ |
| ૧૭ | હેવી ટ્રક/ટાટા ૯૦૯ | ૫૦૦૦ | ૨૮૦૦ |
| ૧૮ | સીટી રાઈટ/ટેમ્પો ટ્રાવેલર/ફોર્સ ઈટીસી સ્મોલ બસ કેપેસીટી ૨૫ સીટ અથવા ઓછી/મેટાડોર/વીન્ગર | ૩૫૦૦ | ૧૮૦૦ |
| ૧૯ | લકઝરી બસ-૫૬ સીટ | ૬૦૦૦ | ૪૨૦૦ |
| ૨૦ | લકઝરી બસ-૪૦ સીટ (૨×૨) | ૫૦૦૦ | ૩૬૦૦ |

વધુમાં જો વાહનના ડ્રાઈવર દૈનીક ૮(આઠ) કલાક કરતા વધારે કામગીરી કરેલ હોય તો વધારાની ફરજ માટે પ્રતિ દિન રૂ. ૧૦૦/- વધારાના ભથ્થા તરીકે પ્રતિ વાહન ચૂકવવાના રહેશે.

આ ઠરાવનો અમલ વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૨ અને ત્યારબાદ આવતી સામાન્ય/પેટા ચૂંટણી ઓ માટે કરવાનો રહેશે.

રવાના કરવા માટે પ્રમાણીત

સહી/-
(રૂપવંત સિંહ)
અધ્યક્ષ, પ્રાદેશિક વાહન વ્યવહાર સત્તા મંડળ
અને
જિલ્લા કલેક્ટર, અમદાવાદ

સચિવ
પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી
અમદાવાદ

<u>નકલ સવિનય રવાના:-</u>

(૧) મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી, બ્લોક નં.૭ બીજો માળ ગાંધીનગર.
(૨) નાયબ સચિવશ્રી, બંદરો અને વાહન વ્યવહાર વિભાગ, સચિવાલય ગાંધીનગર.
(૩) મે. વાહન વ્યવહાર કમિશનરશ્રી બ્લોક નં.૬ ૨જો માળ, સચિવાલય ગાંધીનગર.
(૪) મે. જિલ્લા કલેક્ટર અને જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી અમદાવાદ
(૫) પોલીસ કમિશનરશ્રી /સંયુક્ત પોલીસ કમિશનરશ્રી અમદાવાદ શહેર ટ્રાફીક, શાહીબાગ અમદાવાદ.
(૬) પોલીસ અધિક્ષકશ્રી અમદાવાદ (રૂરલ) મકરબા, સરખેજ હાઈવે, અમદાવાદ.
(૭) ગુજરાત લકઝરી કેબ ઓનર્સ એસોસીએશન ૯૦૧/એ હેમકુટ બીલ્ડીંગ સન્યાસ આશ્રમ પાસે આશ્રમ રોડ, અમદાવાદ.

Akhil Gujarat Truck Transport Association
16-4-2014